


(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

### લકઝરી ચાલકે ઓચિંતી બ્રેક મારતા પાછળ આવતું ટ્રેક્ટર હનુમાન મંદિરમાં ઘુસ્યુ

ડીસા શહેરના નેશનલ હાઈવે વિસ્તારમાં મોડી સાંજે પેસેન્જર લેવાની લ્હાયમાં લકઝરી ચાલકે ઓચિંતી બ્રેક મારતા પાછળ આવી રહેલા ટ્રેક્ટર ચાલકે કાબુ ગુમાવતા ટ્રેક્ટર રીક્ષાને ટક્કર મારી હનુમાનના મંદિરમાં ઘુસી ગયું હતું અને રીક્ષાના ધક્કાથી આગળ પડેલા સ્કુટરને પણ ટક્કર વાગી હતી. આ અકસ્માતમાં પાંચ વ્યક્તિઓને ઈજાઓ થવા પામી હતી. જેમને તાબડતોબ સારવાર અર્થે ખસેડાયા હતા.

## જિલ્લા બહારના વેપારીઓની પેઢીઓ નવા યાર્ડમાં ખુલશે

# એકસો કરોડના ખર્ચે મોડાસા ખાતે અદ્યતન માર્કેટયાર્ડ બનશે

(સમીર બલોચ) મોડાસા, તા.૨૩

અરવલ્લી જિલ્લો બન્યા પછી મોડાસા શહેર વિકાસની ગતીની યશકલગીમાં એક પીંછુ ઉમેરાયુ છે. મોડાસા શામળાજી ફોર લેન હાઈવે પર ૪૨ જેટલા વિઘા જમીનમાં ૧૦૦ કરોડના ખર્ચે અદ્યતન માર્કેટયાર્ડ તૈયાર કરવાનો પ્રોજેકટ અમલમાં મુકવામાં આવ્યો છે.

મોડાસીની શામળાજી બાયપાસ ચોકડી ઉપર આકાર લઈ રહેલા જિલ્લા સેવા સદનથી થોડાક અંતરે અને હાઈ-વેથી ૮૦૦ ફુટ દુર અરવલ્લી જિલ્લાના સૌથી વિશાળ માર્કેટયાર્ડનો પ્રોજેકટ અમલમાં મુકતા જરૂરી તૈયારીઓ હાથ ધરાઈ છે. મોડાસા માર્કેટયાર્ડના ચેરમેન ચંદુભાઈ અને વાઈસ ચેરમેન રાકેશભાઈ પટેલે કમિશન પધ્ધતિ સહિતના અદ્યતન યાર્ડ વિશે માહિતી આપતા જણાવ્યુ હતુ કે ડવલોપર સિસ્ટમથી સાકાર થનાર આ માર્કેટયાર્ડમાં ૧૭૦ ગોડાઉન ૧૧૪ કોર્મશીયલ દુકાન વિશાળ વેર હાઉસ અને કોલ્ડ સ્ટોરેજ ઉભા કરાશે. હાલના માર્કેટયાર્ડમાં વધતા જતા વેપાર સામે ગીચતા અનુભવાતી હોઈ પંથકના ખેડુતો અને વેપારીઓના વિશાળ હિતમાં આગામી દોઢ વર્ષમાં તૈયાર થનાર છે. જીલ્લાના પ્રથમ યાર્ડમાં હરાજીને બદલે કમિશન પધ્ધતી અમલી બનાવવામાં આવશે. યાર્ડમાં ઉપલબ્ધ વેર હાઉસ કોલ્ડ સ્ટોરેજ અદ્યતન કેન્ટીન તમામ બેંકની શાખાઓ, એટીએમ સેન્ટરો ઉભા કરવામાં આવશે તેમજ ખેડુતોને બેસવા અને આરામ કરવા માટે આરામગૃહ પણ બનવવામાં આવશે.

## ધાનેરા પોલીસે વાહન ચોર ઝડપી તેની ગેંગના અન્ય સભ્યોને ઝડપી પાડવા ક્વાયત હાથ ધરી

ડીસા, તા. ૨૩

બનાસકાંઠાની ધાનેરા પોલીસ એક શકમંદ ચોરની તપાસ કરી રહી હતી. જોકે પોલીસે લાલ આંખ કરતા એક બાદ એક એમ આ લબર મુછીયા વાહન ચોરે અંદાજીત ૭ જેટલા વાહનોની ચોરી કરી હોવાનું કબુલતા પોલીસને બગાસું ખાતા મોઢામાં પતાસું આવી ગયું છે અને હાલ પોલીસે આ વાહન ચોર સાથે અન્યોની સંડોવણીની શક્યતાએ તપાસ હાથ ધરી છે.

બનાસકાંઠાનાં ધાનેરા ખાતે બે દિવસ અગાઉ એક જીપની ચોરી થઈ હતી. આ ચોરીના કામમાં એલ.સી.બી. પોલીસની મદદથી એક આરોપી કનુભાઈ રામાભાઈ વાલ્મીકી ગામ- લુંન્દ્રા તાલુકો-વાવ વાળો ઝડપાયો હતો. પોલીસ કસ્ટડીમાં અંડર ઈન્વેસ્ટીગેશન તળે લવાયેલો લબરમૂછિયા વાહનચોર કનુભાઈ રામાભાઈ વાલ્મીકી દ્વારા અંદાજીત ૭ જેટલા વાહનોની ચોરી કરી હોવાનું કબુલ્યું હતું. આ વાહનચોર ઈસમે પોલીસ સમક્ષની પૂછપરછમાં એક બે નહિ અંદાજીત ૭ જેટલા વાહનોની ઉઠાંતરી કરી હોવાનું કબુલતા ખુદ પોલીસ ચોકી ઉઠી હતી. આ સનસનીખેજ ક્રાઈમની વાત કરીએ તો ધાનેરા માંથી બે દિવસ અગાઉ અજાણ્યા વાહનચોર દ્વારા એક જીપની ઉઠાંતરી કરવામ આવી હતી. આ જીપ ચોરી મામલે તેના માલિકે ધાનેરા પોલીસ મથકે ચોરીની ફરિયાદ નોધાવી હતી. આ ચોરી મામલે ધાનેરા પોલીસ વધુ તપાસ કરી રહી હતી તે દરમ્યાન બનાસકાંઠાની જીલ્લા એલ. સી. બી. પોલીસ બનાસકાંઠાના જલોત્રા ગામ પાસે વાહન ચેકિંગમાં હતી ત્યારે આ ઈસમને શકમંદ હાલતમાં ગાડી સાથે ઝડપી તેની તપાસ કરતા તે ગલ્લા તલ્લા કરવા લાગ્યો હતો અને તેને કબલ્યું હતું કે આ ગાડી તેને ધાનેરાથી ચોરીને લાવેલી છે જેથી ધાનેરા પોલીસને આ ચોરી બાબતે જાણ કરતા ધાનેરા પોલીસ ઘટના સ્થળે પહોચી આરોપી અને ગાડી ધાનેરા ખાતે લાવી હતી અને આગળની તપાસ હાથ ધરી હતી જેબાદ જલોત્રા ગામે ઝડપાયેલા આ વાહનચોરને ધાનેરા પોલીસે કડક પૂછપરછ કરતા આરોપી ભાંગી પડ્યો હતો અને તેને એક બાદ એક એમ સાત ગાડીઓ ચોરી કરેલ હોવાનું કબુલ્યું હતું. આ વાહન ચોરે પોતાની જુબાને આ વાહનો ક્યાંથી અને કેવી રીતે ચોરી કર્યા હતા તે ગુનાહિત કબુલાત પણ કરી હતી.

ધાનેરા પોલીસે અત્યારે તો ઝડપાયેલા આ વાહનચોર આરોપીને કોર્ટમાં રજુ કરવાના ચક્રો ગતિમાન કર્યા છે અને કોર્ટ પાસેથી યોગ્ય રિમાન્ડ મેળવી આ વાહનચોર ઈસમ સાથે તેની ગેંગના અન્ય સભ્યોને ઝડપી પાડવા કવાયત હાથ ધરી છે.

### બામણા ગામમાં આંખનો નિઃશુલ્ક નિદાન કેમ્પ યોજાયો

ભિલોડા, તા.૨૩

બામણા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, એન.એસ.એસ.યુનિટ, સદ્વિચાર પરીવાર હિંમતનગર સંયુક્ત ઉપક્રમે બામણા બામણા ગામમાં આંખનો નિઃશુલ્ક નિદાન કેમ્પ યોજાયો. જેમાં અનેક લોકોએ સેવાનો લાભ લીધો હતો. ચશ્માનું નિઃશુલ્ક વિતરણ કરાયું હતું. આંખના નિઃશુલ્ક ઓપરેશન કરવાનો કેમ્પ પણ યોજાશે. હસમુખભાઈ ત્રિવેદી, ડૉ.કલ્પનાબેન પટેલ, ડૉ.મહેશભાઈ વર્મા તેમજ સ્ટાફ પરીવાર ઉપસ્થિત રહ્યો હતો. બામણા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ એન. એસ. એસ. યુનિટના સ્વયંસેવકોએ પ્રશંસનીય કામગીરી બજાવી હતી.

### ધનસુરામાં રખડતા કુતરાંનો આતંક : એક અઠવાડિયામાં ૧૪ને કરડયાં


ધનસુરા ગામમાં છેલ્લા એક અઠવાડિયાથી રખડતા કુતરાઓનો આતંક વધી જતાં લોકોમાં ભયનું સામ્રાજય ફેલાયું છે. બાળકો પણ આ કુતરાઓના ભયથી શાળાએ જતા ડરે છે. ટુ વ્હિલરવાળા ની પાછળ કરડવા દોડતા કુતરાઓને કારણે અનેકવાર અકસ્માત સર્જાય છે. ધનસુરા-રેફરલ હોસ્પિટલના સુત્રોના જણાવ્યા અનુસાર એક અઠવાડિયામાં કુતરા કરડયાના ૧૪થી વધુ કેસ આવ્યા છે. ગામના ફળિયાના નાકે શકિતનગર, જનતાનગરમાં કુતરાનો આતંક દિનપ્રતિદિન વધતો જાય છે.

## ગરમીમાં મરચાં વધુ તીખા બન્યા : ૧૦૦ રૂ. કિલો

(જીતેન્દ્ર પટેલ) મોડાસા, તા.૨૩

અરવલ્લી જિલ્લામાં ઉનાળાના પ્રારંભથી શાકભાજીના ભાવમાં વધારો થવાની દહેશતની વચ્ચે મરચાં ગુણ મુજબ ભાવમાં પણ તીંખા થયા છે. ૧૦૦ રૂ કીલો સુધી મરચાનો ભાવ પહોચી જતાં આખો બળવા લાગે તેવી પરીસ્થીતી પેદા થઈ છે. મરચાંના ભાવ વધી જતા હોટલ તેમજ રેસ્ટોરન્ટમાં નાસ્તાની ડીશમાં પીરસાતા મરચાં માત્ર એક જ વખત પીરસવામાં આવી રહયા છે.

જિલ્લામાં શાકભાજીના ભાવનો કકળાટ કાયમી બની ગયા પછી આગામી દિવસોમાં શાકભાજીના ભાવમાં ભડકો દહેશત થવાની સંભાવના સેવાઈ રહી છે ત્યાં સસ્તામાં મળતા લીલા મરચાનો ભાવ આસમાને પહોચી ગયો છે. વિષમ આબોહવાથી મરચાના પાકનુ ઉત્પાદન ઘટી જતાં અન્ય જિલ્લાઓમાંથી આયાત થતાં મરચાની આવક પણ ઘટી ગઈ છે. જેથી મરચાના ભાવમાં ભડકો થયો છે. જિલ્લામાં સામન્ય દિવસમાં ૨૦ રૂ કિલોએ મળતા મરચા હમણાથી ૧૦૦ રૂપીયાના આસમાને પહોચ્યા છે. મરચાના ભાવ વધારાને કારણે હમણાથી હોટલોમાં મળતા મરચા પર પણ કાપ મુકી દેવામાં આવ્યો છે. ઉનાળાની સિજનમાં મરચા વધુ તીખા થતા ભાવ સાંભળી આંખમાં બળતરા થવા લાગી છે. સ્થાનીક ખેડુતોએ લીલા મરચાનુ વાવેતર કર્યુ હોવા છતાં માંગને પહોચી વળવા માટે અન્ય રાજયમાંથી વેપારીઓ મરચા ખરીદી રહયા છે. પરંતુ વિષમ આબોહવાની અસરથી મરચાનુ ઉત્પાદન ઘટતા તેની અસર સીધી ભાવ ઉપર થયાની હોવાનુ વેપારીઓ જણાવી રહયા છે.



### પાલનપુરમાં પોલિયો રવિવાર...

પાલનપુરમાં રવિવારે પોલિયોના ટીંપા પીવડાવવાનું અભિયાન હાથ ધરાયું હતું. જેમાં આરોગ્યતંત્ર સાથે રોટરી ક્લબે ખભેખભા મિલાવીને ૫ વર્ષની વય સુધીના તમામ બાળકોને આ 'દો બુંદ જીંદગી કી' પીવડાવવા જહેમત ઉઠાવી હતી. (તસવીર હરેશ જોષી, પાલનપુર)

### ટ્રિનીટી સ્કૂલ તલોદમાં યોજાયેલ ગણિત-વિજ્ઞાન પ્રદર્શન

તલોદ, તા. ૨૩

ટ્રિનીટી એજયુકેશનલ કેમ્પસમાં સ્કૂલના પ્રાથમિક/ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકના વિદ્યાર્થીઓ દ્વારા શનિવારના રોજ ગણિત-વિજ્ઞાન પ્રદર્શન યોજાયું હતું. વિદ્યાર્થીઓએ પોતાના સ્વ અભ્યાસમાં આવતા પ્રયોગો અને પ્રોજેકટ સુંદર રીતે તૈયાર કર્યા હતા. આ પ્રદર્શનમાં શાળાના પ્રમુખ આર.એલ. પટેલ, ડૉ. વી.એ. પટેલ, પ્રિ. કિરીટભાઈ આર. પટેલ અને અલ્પેશભાઈ પટેલ તથા મોટી સંખ્યામાં વાલીગણ ઉપસ્થિત રહ્યા હતાં અને તેમણે સર્વે નાના બાળવૈજ્ઞાનિકોના પ્રયોગો નિહાળી પ્રોત્સાહિત કર્યા હતા તથા આભાર માન્યો હતો.

## મહિયલ હાઈસ્કૂલમાં નેત્ર રોગ નિદાન સારવાર કેમ્પ યોજાયો

### કુલ ૨૦ ગામના ૭૨૫ જરૂરિયાતમંદ દર્દીઓએ લાભ લીધો : ૯૧ જેટલા મોતિયાના દર્દીઓને ઈડરની આત્મવલ્લભ હોસ્પિટલમાં વિના મૂલ્યે ઓપરેશન કરી અપાશે

(દશરથ વણઝારા) તલોદ, તા.૨૩

સાબરકાંઠા જિલ્લાના તલોદ ખાતે અમદાવાદની સેવાભાવી સંસ્થા સર્જન ફાઉન્ડેશન દ્વારા મહિયલની જે.બી. ઉપાધ્યાય હાઈસ્કૂલના પરિસરમાં તા. ૨૨મી ફેબ્રુઆરીએ 'નેત્ર રોગ નિદાન અને સારવાર કેમ્પ'નું આયોજન કરવામાં આવ્યું હતું. જે.બી. ઉપાધ્યાય હાઈસ્કૂલના સંયુકત ઉપક્રમે યોજાયેલ આ કેમ્પમાં મહિયલ તલોદ સહિત આસપાસના લગભગ ૨૦ ગામોના ૭૫ દર્દીઓની તપાસ કરવામાં આવી હતી અને તેમને જરુરિયાત મુજબ સારવાર આપવામાં આવી હતી.

આ કેમ્પની મુલાકાત લેનાર જરુરિયાતમંદ ૭૨૫ દર્દીઓમાંથી ૪૨૬ દર્દીઓને આંખોના નંબર તપાસી રાહત દરે ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ૧૫૫ દર્દીઓને વિના મૂલ્યે દવા આપવામાં આવી હતી. આ કેમ્પમાં ૯૧ જેટલા દર્દીઓને મોતિયા બિંદુનુ ઓપરેશન કરાવવાની સલાહ અપાઈ હતી. જેમાં તેમનો ઈડરની આત્મવલ્લભ હોસ્પિટલમાં લાવવા મૂકવા સહિત વિના મૂલ્યે ઓપરેશન કરી આપવામાં આવશે.

આ કેમ્પમાં ડૉ. રોહિતભાઈ એચ. ઉપાધ્યાયને તેમની તબીબી ટીમ પ્રોગ્રામ ઓફિસર અશોકભાઈ પરમાર, હાઈસ્કૂલના આચાર્ય ડૉ. મનહરભાઈ પંચાલ તેમજ કર્મચારી ગણે ભારે જહેમત ઉઠાવી કેમ્પને સફળ બનાવ્યો હતો.

## સ્વાઈન ફલુથી બનાસકાંઠામાં ૮ના મોત, ૩૧ સારવાર હેઠળ

### પાલનપુર-અમદાવાદ-ધારપુરમાં દાખલ ૧૮૨ કેસો પૈકી ૬૬ પોઝીટીવ : આયુર્વૈદિક ઉકાળાનું વિતરણ

પાલનપુર, તા. ૨૩

સમગ્ર રાજ્ય સહિત અન્ય રાજ્યોમાં પણ હમણાં સ્વાઈન ફલુએ માથું ઉંચકી અનેકની જીંદગીઓ છીનવી લીધી છે. ત્યારે સરહદી બનાસકાંઠામાં પણ આજ સુધી સ્વાઈનફલુના લક્ષણો ધરાવતાં ૧૮૨ દર્દીઓ પૈકી ૬૬ને પોઝીટવ રિપોર્ટ આવ્યો છે.

આ અંગે વધુ વિગતો આપતાં જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. આચાર્યએ જણાવ્યું છે કે બનાસકાંઠા જિલ્લાની પાલનપુર સિવિલ હોસ્પિટલમાં આ દર્દીઓ માટે આઈસોલેશન વોર્ડની સુવિધા કરાઈ છે. કુલ ૬૬ જણાના રીપોર્ટ પોઝીટીવ છે. જે પૈકી ૧૪ અમદાવાદ સિવિલ, ૧૪ પાલનપુર સિવિલ અને ૩ ધારપુર મેડીકલ કોલેજમાં સારવાર હેઠળ છે. બાકીનાની તબીયત સુધરતા રજા અપાઈ છે. અને આઠ દર્દીઓના મૃત્યુ નોંધાયા છે. પ્રજાજનોને સાવચેતી રાખવા આપેલ માસ્ક અને આયુર્વૈદિક ઉકાળાનું જિલ્લાભરમાં વિતરણ કરવામાં આવી રહ્યું છે.

## મોડાસાના લાલપુરકંપા પાસે કારે બે બાઈકને અડફેટે લેતાં બે ના મોત

મોડાસા, તા. ૨૩

અરવલ્લી જિલ્લાના મોડાસા હિંમતનગર માર્ગ પર ગઈકાલે સાંજના સુમારે મારૂતિકાર ચાલકે બે બાઈક સવારોને એડફેટે લઈ અકસ્માત સર્જતા બે યુવાનોના મોત નિપજ્યા હતા. હજુ સપ્તાહ પહેલા મોડાસા જી.આઈ.ડી.સી. આગળ થયેલા અકસ્માતમાં બે યુવાનોને કાળ ભરખી જવાની ઘટનાની સાહી સુકાઈ નથી ત્યાં ગઈકાલે સાંજે અકસ્માતમાં બે યુવાનોએ જાન ગુમાવતાં મોડાસા તાલુકાના ક્ષત્રિય સમાજમાં શોકની લાગણી ફેલાઈ જવા પામી છે.

મોડાસા તાલુકાના લાલસપુરકંપા નજીક ગઈકાલે સાંજના ૭ વાગ્યાના સુમારે મારૂતિ કારના કારચાલકે ગફલતભરી પૂરઝડપે ગાડી હંકારી રહ્યો હતો ત્યારે કાર ચાલકે પૂર ઝડપના કારણે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતા મહાદેવપુરાના બે બાઈક સવારોને ટક્કર મારતાં બે યુવાનોના મોત નિપજ્યા હતા. અને બે લોકોને ગંભીર ઈજાઓ પહોંચી હતી. કિરણભાઈ મારૂતિ કાર સાથે ધડાકાભેર અથડાતાં બાઈક ચાલક કિરણભાઈ તથા બાઈક પાછળ સવાર જીતુભાઈના શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. બન્ને યુવાનોનું સારવાર દરમ્યાન મોત નિપજ્યું હતું. જ્યારે કારે બળવંતભાઈની બાઈક નં. જીજે-૯એજી૯૬૦૪ ને પણ અડફેટે લેતા બાઈકચાલક બળવંતભાઈ અને પાછળ બેઠેલા પરેશભાઈના શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી.



(તસવીર : જય અમીન, મોડાસા)

## ઊંઝા તાલુકાના તલાટીઓ મહત્વના રેકર્ડ રાખવામાં બેદરકાર

ઊંઝા, તા. ૨૩

ઊંઝા તાલુકામાં તાલુકા અને જિલ્લા કક્ષાના સબંધિત ઉચ્ચ અધિકારીઓની નિષ્ક્રિયતા યા તપાસણીના અભાવે કેટલાક ગામોમાં તલાટીઓ પાસે રખાતા મહત્વના રેકર્ડનું કોઈ ઠેકાણું ન હોવાથી મહત્વના રેકર્ડ મેળવવા માટે ગ્રામજનો ભારે પરેશાની ભોગવી રહ્યા છે. તાલુકાના કેટલાક ગામોમાં છેલ્લા ઘણા વર્ષોથી જૂના ગામઠાણપત્રક, વાડાપત્રક, જમીનને લગતા નકશાઓ તેમજ અન્ય મહત્વના રેકર્ડ, ડેડ સ્ટોકનું ઠેકાણું નથી. વર્ષો જુના રેકર્ડને નવેસરથી બનાવવાની તેમજ જાળવવાની તસ્દી કે કાળજી લેવામાં આવી નથી.

કેટલીક ગ્રામ પંચાયતોમાં કથિત તલાટીઓએ રેકર્ડ સાથે ચેંડા કરી તેમજ ગરબડ ગોટાળાઓ થકી વ્યાપક ભ્રષ્ટાચાર કર્યા હોવાનું કહેવાય છે. કહે છે કે કેટલાક રીઢા તલાટીઓ રાજકીય ઓથ યા લાગવગ તેમજ અધિકારીઓ સાથે મેળાપીપણું ધરાવીને પોતાના આર્થિક હીતો સાચવીને તગડા થઈ રહ્યા છે. કહે છે કે, કેટલીક ગ્રામ પંચાયતોમાં વહિવટી અનિયમિતતા, ખાયકી સામાન્ય બની ગઈ છે. વિકાસને લગતા તેમજ અન્ય પ્રજાહિતને લગતા કામોમાં ગેરરીતિઓ થકી ભ્રષ્ટાચારના કિસ્સા ચર્ચાસ્પદ બન્યા છે.

ગ્રામપંચાયતોમાં થયેલ ગરબડ ગોટાળા, ગેરરીતિઓ સંદર્ભે ઉચ્ચ કક્ષાએથી યોગ્ય તપાસ નથી કે કસૂરદારો સામે કોઈ કડક પગલાં લેવાતા નથી. ગ્રામ પંચાયતોમાં જે ગરબડ ગોટાળા થયા છે તે અંગે તાલુકા કે જિલ્લા કક્ષાના અધિકારીને તપાસ કરવાની પણ ફુરસદ નથી જેથી તેઓનું મૌન સાંઠગાંઠની ચાડી ખાઈ રહ્યું હોય તેમ જણાય છે.

સરકારના લોકકલ્યાણ મેળા તેમજ અન્ય કથિત સિદ્ધિઓના જોરશોરથી ગાણાં ગવાય છે. પરંતુ ગામડાઓમાં ગ્રામપંચાયતના મહત્વના રેકર્ડ, વહિવટી કામગીરી, થયેલ કામો, પ્રગતિમાં છે તે કામોની ઝીણવટભરી તપાસ કરાય તો ઘણી ચોંકાવનારી હકિકતો બહાર આવે તેમ મનાય છે.

## ભિલોડા તાલુકાના આડા હાથરોલ ગામમાં સીનીયર સીટીઝનનો સન્માન સમારંભ યોજાયો

ભિલોડા,તા.૨૩

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના આડા હાથરોલ ગામમાં સીનીયર સીટીઝનનો સન્માન સમારંભ ભિલોડા ભારત વિકાસ પરીષદ શાખા ધ્વારા યોજાયો હતો. ભિલોડા ભારત વિકાસ પરીષદ શાખા પ્રમુખ મુકેશભાઈ પંચાલ, રામઅવતાર શર્મા, રાજેશભાઈ સોની, કલ્યાણસિંહ પરામાર, યજ્ઞેશભાઈ પંચાલના જણાવ્યા મુજબ સીનીયર સીટીઝનો અને વિશિષ્ટ ક્ષેત્રોમાં સિધ્ધી મેળવનારા અગ્રણીઓનો સન્માન સમારંભ પ્રકાશ હાઈસ્કુલ આડા હાથરોલ ખાતે યોજાયો હતો. આ પ્રસંગે ભિલોડા ભારત વિકાસ પરીષદ શાખા ધ્વારા ૨૦ થી વધુ શાળાઓના વિદ્યાર્થીઓને તિથિ ભોજન તેમજ હોસ્પિટલમાં દર્દીઓને ફ્રુટ અને બિસ્કીટનું વિતરણ કરાયું હતું. બેટી બચાવો, ભૃણ હત્યા અટકાવોના સાંસ્કૃતિક કાર્યક્રમ ધ્વારા જાગૃતિ લાવનાર હસમુખભાઈ સોનીનું સન્માન કરાયું હતું. સીનીયર સીટીઝનોને શાલ ઓઢાડી મોમેન્ટો આપી સન્માન કરાયું હતું. વિશિષ્ટ ક્ષેત્રોમાં સિધ્ધી મેળનારાઓને શાલ ઓઢાડી સન્માન પત્ર આપી વિશેષ રીતે સન્માન કરાયું હતું. ભિલોડા ભારત વિકાસ પરીષદ શાખા ધ્વારા યોજાયેલ સીનીયર સીટીઝન સન્માન સમારંભમાં અગ્રણી ઉપસ્થિત રહ્યા હતા.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦